# ડાંગર સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, ડભોઈ દ્વારા એક દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યુ

ડાંગર સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મોડલ ફાર્મ, ડભોઇ ખાતે ચાલતી સરદાર સરોવર યોજના અંતર્ગત તા. ૦૭/૦૮/૨૦૨૧ ના રોજ ભુરિયાકુવા ગામ ખાતે ૨૩ જેટલા ખેડૂત મિત્રોએ એક દિવસીય તાલીમમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું આયોજન કોવિડ-૧૯ ની ગાઈડલાઈનને ધ્યાને રાખીને કરવામાં આવેલ હતું. જેમાં યુનિટ વડાશ્રી એ. જી. પંપાણીયા સાહેબએ ડાંગરની જાત GAR 13 અને GAR 14 વિશે માહિતગાર કર્યા તથા પ્રમાણિત બીજ વાપરવા માટે ખેડુત મિત્રોને આગ્રહ રાખવા જણાવ્યુ. સીનિયર રીસર્ચ ફેલો ડો. વિપુલ પટેલએ ડાંગર પાકમાં લીફકલર ચાર્ટના ઉપયોગ કરી નાઈટ્રોજનનું વ્યવસ્થાપન તથા ડાંગર પાકના રોગજીવાત વિશે માહિતગાર કર્યા. ખેતી અધિકારીશ્રી ડી. કે. રાઠવા દ્વારા જૈવિક ખાતરની ઉપયોગિતા તથા નાડેપ પધ્ધતિ દ્વારા કમ્પોસ્ટ ખાતર બનાવવાની રીત વિશે વક્તવ્ય આપ્યું હતુ. તેમજ આ કાર્યક્રમ દરમ્યાન ડાંગર સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ, ડભોઈ દ્વારા પ્રકાશિત વિવિધ કૃષિ લેખોનું વિતરણ કરવામાં આવ્યું.







